# સુરત મહાનગરપાલિકા

## જાહેરનામું

* * *

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ (**COVID-19**)ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ **COVID-19** ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ **COVID-19** ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં કોરોના વાઇરસના સંક્રમણને ધ્યાને લેતા,

ગુજરાત રાજય એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ ની કલમ-ર, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં.NCV/102020/SF-1/G, Date:-20/03/2020ના પેરા નં.૧૧ થી મળેલ અધિકારની રૂએ હુકમ કરૂં છું કે "હાલ તુરંત દિન-૭ માટે સુરત શહેરમાં ચાલતાં તમામ ટ્યુશન કલાસીસ માત્ર ઓનલાઈન દ્વારા જ ચાલુ રાખવા હુકમ કરૂં છું."

સદરહુ હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮, એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નં.પી.એચ.ડી /૧૦૨૫/૨૦૨૧ — આરોગ્ય અધિકારી

તા. ૧૬/03/૨૦૨૧ — સુરત મહાનગરપાલિકા

નકલ સાદર રવાના: પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર, સુરત પ્રતિ...કાર્યવાહી અર્થે

નકલ સાદર રવાના: કલેકટરશ્રી, મ્યુનિસિપલ કાઈશનરશ્રી સુરત પ્રતિ...

નકલ સાદર રવાના: ડે. કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) પ્રતિ..